શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ - અમદાવાદ (ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૩૦૩, તા.૨૩-૮-૭૮) સંચાલિત માસિક

કર્મનું અભિમાન રાખો
પૈસાનું નહી
ફળોનો રાજા કેરી છે
તોય કિલો લેખે વેચાય છે
અને શ્રીફળ
નંગ લેખે વેચાય છે.

# પરિવાર પત્રિકા

વર્ષ - ૨૧ ● અંક-૨૪૧ ● ઓક્ટોબર - ૨૦૨૩

કિંમત રૂ. ૨-૦૦

જાગૃતિ • માહિતી • પ્રવૃત્તિ • પ્રગતિ

**પરિવાર પત્રિકાના કાયમી મુખ્ય સૌજન્યદાતા**

સ્વ. શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ......(રણુંજ)
સ્વ. વર્ષાબેન દિલીપભાઈ શાહ..........(ભાલક)

**કાયમી સહાયક દાતા**

સ્વ. વિમળાબેન રસીકલાલ શાહ......(લણવા/પુના)

**પરિવાર પત્રિકા સંપાદન સમિતિ**

સંપાદક : પ્રમોદભાઈ એન. ગાંધી 93270 07054
સહ સંપાદક : બકુભાઈ સી. ગાંધી 98250 96444

ભાઈલાલભાઈ એન. ગાંધી..........(સમોડા) 99257 22324
મીહીરભાઈ એચ. શાહ..........(બોકરવાડા) 98982 58515
ભાવેશભાઈ એમ. શાહ..............(ભાલક) 94277 02080

**મેનેજીંગ ટ્રસ્ટી**

જશવંતલાલ પી. શાહ..........(ભાલક) 99747 16584

**પરિવાર પ્રકાશન કાયમી સૌજન્ય**

શ્રી સેવંતીલાલ છબીલદાસ શાહ પરિવાર.............(ભાલક)
સ્વ. શ્રી નટવરલાલ મણીલાલ શાહ.................. (ભાલક)
સ્વ. જેઠાલાલ મોહનલાલ શાહ...................... (ખરોડ)
સ્વ. ચીનુભાઈ મણીલાલ શાહ................... (પિંઢારપુરા)
સ્વ. શ્રી બાબુલાલ અંબાલાલ શાહ.................. (મોટપ)
સ્વ. શ્રી અમૃતલાલ ઠાકરશી શાહ................ (મોટી દેઉ)
સ્વ. શ્રી પુનમચંદ ઉત્તમચંદ શાહ.................... (લણવા)
સ્વ. શ્રી બાબુલાલ કસળચંદ શાહ................. (વડાવલી)
શ્રીમતી પદ્માબેન રમણલાલ શાહ. ................... (મોટપ)
સ્વ. બિહારીભાઈ ચીમનલાલ મોદી...............(મહેસાણા)
શ્રી નટવરલાલ તલકચંદ શાહ..................... (દેલોલી)
શ્રી ચંપકલાલ મંગળદાસ શાહ.......................(મગુના)
શ્રીમતી પન્નાબેન અશ્વિનકુમાર ગાંધી.............. (સમોડા)
સ્વ. સુબોધચંદ્ર મણીલાલ શાહ...................... (મણુંદ)
સ્વ. કાન્તાબેન રસીકલાલ શાહ................. (વિસનગર)
સ્વ. કમળાબેન ચીમનલાલ શાહ......... (ઉનાવા/આંબેગામ)
સ્વ. લીલાવતીબેન સુમતીલાલ શાહ......... (સીનોલી/મણુંદ)
શ્રીમતી ચંદ્રિકાબેન નવીનચંદ્ર શાહ...............(લણવા)
શ્રી વિજયકુમાર કનુભાઈ શાહ................. (બોરીઆવી)
શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ..................(દેલોલી)
શ્રી નટવરલાલ મફતલાલ શાહ..................... (દેલોલી)
શ્રી ભોગીલાલ લીલાચંદ શાહ....................... (મોટપ)
સ્વ. ઈન્દીરાબેન શશીકાંત તિજોરીવાળા..... (લુણવા-મંડાલી)
સ્વ. ઉષાબેન નરેન્દ્રકુમાર હીંમતલાલ શાહ.......(બોકરવાડા)
શ્રીમતી વિમળાબેન નટવરલાલ શાહ...............(કમાણા)
સ્વ. વસુમતીબેન ઈશ્વરલાલ સોમચંદ શાહ.......... (ભાલક)
સ્વ. પુષ્પાબેન સુરેશચંદ્ર રસિકલાલ ગાંધી......(રણુંજ)
સ્વ. કંચનબેન હીંમતલાલ વાડીલાલ શાહ....(બોકરવાડા)
સ્વ. મહેન્દ્રકુમાર રતીલાલ શાહ (ચાવાળા)..........(સમોડા)

**શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ**

## પ્રગતિ અહેવાલ

સુજ્ઞ જ્ઞાતિજનો,

જય જિનેન્દ્ર, જ્ઞાતિમાં વિવિધ પ્રકારની તપસ્યા કરનાર સર્વ તપસ્વીઓની ભૂરિ ભૂરિ અનુમોદના.

૬૨ વર્ષની આ સુદીર્ઘ યાત્રામાં આપણા જ્ઞાતિ મંડળે વિશેષ સીમાચિન્હો સર્જીને નવા કીર્તિમાન સ્થાપિત કર્યા છે. સાધર્મિક, શૈક્ષણિક, મેડીકલ, સમ્યક્ જ્ઞાન પ્રસાર નિધિ, યુવા ફોરમ જેવી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા મંડળ સમાજ ઉત્કર્ષના કાર્યો કરી સર્વ જ્ઞાતિ બંધુઓને સહાયરૂપ થઈને , સૌને પ્રેમસંબંધના એક તાંતણે સંગઠિત કરવા મંડળ સતત પ્રયત્નશીલ છે. મંડળની આ વિકાસયાત્રામાં અનેક મહાનુભાવોના પ્રસ્વેદબિંદુઓનું સિંચન છે. એ તમામ દાનવીરો, ગુણીજનો, આગેવાનો, હિતેચ્છુઓ, કર્મશીલો અને પ્રસારકોનું પાવન સ્મરણ કરી તેમને વંદન કરીએ છીએ. એમના સહયોગના પ્રતાપે આ મંડળ અત્રે એક મોટું લીલુછમ વટવૃક્ષ બની શક્યું છે.

અત્યાર સુધી જ્ઞાતિમંડળનો વિકાસ કરવામાં જે મહાનુભાવોએ યોગદાન આપ્યું છે તેમનો મંડળ આભાર માને છે. વર્તમાન સમયે પણ દીર્ઘદ્રષ્ટા અગ્રણીઓ સુપેરે સંચાલન કરી રહ્યા છે પરંતુ હવે નવી પેઢીએ આ કાર્યભાર સંભાળવાની આવશ્યકતા છે. યુવાનોને સક્રિય થવા આહ્વાન આપીએ છીએ જેથી ભવિષ્યમાં પણ મંડળ ઉત્તરોત્તર પ્રગતિ કરે. સાથે સાથે દરેક કુટુંબના વડીલો પોતાના ઘરના યુવા વર્ગને સમાજ અને આ મંડળ પ્રત્યે વિશેષ ભાવ જાગે તે માટે પ્રેરણા આપે તે ઈચ્છીએ છીએ.


આપણા મંડળ દ્વારા પ્રકાશિત થતા "પરિવાર પત્રિકા" માસિકથી વંચિત રહેતા ભારતભરમાં વસતા જ્ઞાતિજનોને અંક મોકલવાની યોજના અમલમાં છે જેનો નકરો રૂ.૨૧૦૦૦/- રાખેલ છે. ગત વર્ષે આ યોજનાનો લાભ સ્વ. પ્રકાશકુમાર સેવંતીલાલ શાહની સ્મૃતિમાં સ્વ.કમળાબેન સેવંતીલાલ માધવલાલ શાહ પરિવારે લીધેલ જેની મુદ્દત ડિસેમ્બર-૨૦૨૩ સુધીની છે. આ લાભ લેવા બદલ જ્ઞાતિ મંડળ આ પરિવારનો અંતઃકરણ પૂર્વક આભાર માને છે. હવે જાન્યુઆરી-૨૦૨૪ થી (વાર્ષિક) સૌજન્યદાતા આવકાર્ય છે. તો જ્ઞાતિના જે સભ્યશ્રી આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા હોય તેમણે તેમનું લેખિત સંમતિપત્ર સીલબંધ કવરમાં તા.૧૫-૧૧-૨૦૨૩ સુધીમાં મંડળના કાર્યાલયે મોકલી આપવા વિનંતી. એકથી વધુ સીલબંધ કવર રજૂ થશે તો, ડ્રો પધ્ધતિથી ભાગ્યશાળી દાતાને આ યોજનાનો લાભ આપવામાં આવશે અને તેમણે દિન-૭ માં રૂ.૨૧૦૦૦/- (અંકે રૂપિયા એકવીસ હજાર) મંડળની ઓફિસે જમા કરાવી પહોંચ મેળવી લેવાની રહેશે.

શ્રીમતી વર્ષાબેન દિલીપભાઈ શાહ (ભાલક) કાયમી સાધર્મિક સહાય યોજના ઉપક્રમે જરૂરિયાતવાળા પરિવારોને વર્ષમાં બે વખત કુટુંબના સભ્યોની સંખ્યા મુજબ જીવન જરૂરીયાતની ખાદ્યસામગ્રી ઘેર બેઠાં દરેકને ત્યાં પહોંચતી કરવામાં આવે છે.

આ યોજના અંતર્ગત બીજો રાઉન્ડ ઓક્ટોબર-૨૦૨૩ થી માર્ચ-૨૦૨૪નો છે. સાધર્મિક સહાયનો લાભ મેળવવા ઈચ્છતા આર્થિક જરૂરિયાતવાળા કુટુંબો માટેનું ફોર્મ મંડળની ઓફિસેથી મેળવી તા.૨૫-૧૦-૨૦૨૩ સુધીમાં સંપૂર્ણ વિગત સાથે ભરીને કાર્યાલયે પરત કરવા વિનંતી છે.

# પરિવાર પત્રિકા

**સૌજન્ય દાતા**
**(જાન્યુઆરી-૨૩ થી ડીસેમ્બર-૨૩)**



**સ્વ. પ્રકાશકુમાર સેવંતીલાલ શાહ**
જન્મ તા.૧૮-૧૧-૧૯૫૮ • સ્વ.તા.૧૯-૦૧-૨૦૨૨

ની સ્મૃતિમાં

સુરેખાબેન મુકેશકુમાર શાહ
મમતાબેન પ્રકાશકુમાર શાહ
હેમાબેન જીજ્ઞેશકુમાર શાહ
ખ્યાતિબેન રોહનકુમાર શાહ
વિલ્પાબેન પિયુષકુમાર શાહ
યાશિકા – નિશિત

**સ્વ.કમળાબેન સેવંતીલાલ માધવલાલ શાહ**
(મણુંદ–બોરીવલી)
પરિવાર તરફથી અમદાવાદ બહારના ભારતમાં વસતા તમામ જ્ઞાતિજનોને "પરિવાર પત્રિકા" મોકલવામાં આવશે.

## મંડળની વિવિધ પ્રવૃત્તિઓ

- કેળવણી સહાય/ઉચ્ચ શિક્ષણ સહાય
- સાધર્મિક સહાય
- મેડિકલ સહાય
- મહિલા તત્કાલ સહાય
- શુભ લગ્ન આયોજન
- પરિવાર પત્રિકા
- તપસ્વી બહુમાન
- સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ
- મહિલા મંડળ

## પરિવાર શુભેચ્છક

સ્વ. સુભદ્રાબેન સેવંતીલાલ શાહ ....(બોકરવાડા)
શ્રી બંકિમકુમાર કાંતિલાલ શાહ ..........(ઊંઢાઈ)
શ્રી જયંતિલાલ અંબાલાલ શાહ ...........(ઊંઢાઈ)
કંચનબેન ચીનુભાઈ તીજોરીવાળા (લુણવા-મંડાલી)
મધુબેન મહેન્દ્રકુમાર ડાહ્યાલાલ શાહ.....(મગુના)
સ્વ. શ્રી અંબાલાલ બુલાખીદાસ શાહ......(મણુંદ)
સ્વ. સવિતાબેન અંબાલાલ શાહ............(મણુંદ)
સ્વ. શારદાબેન નરોત્તમદાસ શાહ..........(મણુંદ)
સ્વ. નીતાબેન પ્રમોદભાઈ શાહ............(ખરોડ)

સાધર્મિક પરિવારના કુટુંબીજનોને આર્થિક સહાયરૂપે સમાજના કોઈ ભાગ્યશાળીને રોકડ રકમ આપીને સાધર્મિક સહાયમાં સહયોગી થવાની ઈચ્છા હોય તો, તેઓશ્રી પરિવારના કુટુંબોની સંખ્યા મુજબની રકમ અનુમોદના રૂપે આપી શકશે. સાધર્મિક પરિવારના કુટુંબોને જીવન જરૂરિયાતની સામગ્રી મંડળ તરફથી પહોંચાડતી વખતે આપના તરફથી મળેલ રકમ, પરિવારના કુટુંબદીઠ મોકલી આપવામાં આવશે. સૌ જ્ઞાતિબંધુઓને અનુમોદના રૂપે આ લાભ લેવા વિનંતી છે.

ભાવેશભાઈ એમ. શાહ–માનદ્મંત્રી ❖ રમેશભાઈ સી. શાહ–સહમાનદ્મંત્રી

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ આયોજીત

### "નવરાત્રિ એટલે શક્તિ, નવચેતના અને ભક્તિનું પર્વ"



તા.૧૫–૧૦–૨૦૨૩ • સમય : ૭–૦૦ થી ૧૧–૦૦
સ્થળ : પ્રિત પાર્ટીપ્લોટ, રજવાડુ હોટલની બાજુમાં, જીવરાજ પાર્ક, અમદાવાદ.



જેની આતુરતાથી આપણે સૌ રાહ જોઈ રહ્યા છીએ એ 'નવરાત્રિ ગરબા'નું આયોજન મહિલા મંડળ દ્વારા કરવામાં આવેલ છે. નવરાત્રિ પ્રાચીન અને અર્વાચીન ગરબાનો અનોખો સંગમ. નવરાત્રિમાં માતાજીની આરતી અને પ્રસાદ વહેંચવામાં આવે છે. યુવાન અને યુવતીઓ સજ્જ થઈને ટ્રેડિશનલમાં ગરબે ઘૂમે છે.

"નવરાત્રિ" એ ધાર્મિક તહેવાર છે.

'મા' દુર્ગા આપણને સૌને શક્તિ, બુધ્ધિ, ઐશ્વર્ય, સુખ, શાંતી, આરોગ્ય, સફળતા અને સમૃધ્ધિ અર્પણ કરે. તેમજ સૌની મનોકામના પૂર્ણ કરે એવી પ્રાર્થના.

ગરબાની શરૂઆત દિપ પ્રાગટ્ય કરીને થશે. ગરબાના મહેમાનો તેમજ મંડળના હોદ્દેદારો દિપ પ્રાગટ્ય કરશે.

'મા આદ્યશક્તિ'ના ગરબામાં આપણા જ સમાજના યુવક–યુવતિઓ, વડીલો તથા બાળકો ગરબે ઘૂમે છે. આ ગરબામાં હરીફાઈ ના રાખતા આપણે સૌ એક થઈ 'મા' ના ગરબામાં ભાગ લઈએ એવી અમારી નમ્ર વિનંતી છે. બધા જ ટ્રેડિશનલ ડ્રેસમાં પધારજો.

ત્યારબાદ અલ્પાહારનું અને આરતી–પ્રસાદનું પણ આયોજન કરવામાં આવેલ છે. સર્વે જ્ઞાતિજનોને સમયસર પધારવા નમ્ર વિનંતી છે. જ્ઞાતિ બહાર પરણાવેલ બેન–દિકરીઓને પણ રાસ–ગરબાના પ્રોગ્રામમાં પધારવા હાર્દિક આમંત્રણ છે.

દેવલબેન કે. શાહ–મંત્રી – સોનલ એસ. શાહ–સહમંત્રી



**નિર્મળાબેન જશવંતલાલ શાહ**
રણુજ - હાલ : અમદાવાદ
જન્મ તા.૧૮-૦૩-૧૯૪૪ • સ્વ. તા.૨૧-૦૩-૨૦૨૨

જિંદગીમાં બે વસ્તુ છૂટવા માટે જ બની છે
શ્વાસ અને સાથ
શ્વાસ છૂટે તો, માણસ એક જ વાર મરે છે...
અને સાથ છૂટે તો,માણસ દરરોજ મરે છે..!

મયુર જશવંતલાલ શાહ
જાસ્મીન વિજય શાહ • વિજય જશવંતલાલ શાહ
ક્રિપા સંજય શાહ • સંજય જશવંતલાલ શાહ

V. Jashvantlal & Co.
Stallion Laboratories Pvt. Ltd.
Espee Pharmachem Pvt. Ltd.

# પરિવાર પત્રિકા

## ૨૧મા વર્ષમાં પ્રવેશ પ્રસંગે...


પરિવાર પત્રિકા સંપાદન સમિતિ



પ્રમોદભાઈ એન. ગાંધી
સંપાદક



બકુભાઈ સી. ગાંધી
સહ સંપાદક



ભાઈલાલભાઈ એન. ગાંધી
સંપાદન સમિતિ



મીહીરભાઈ એચ. શાહ
સંપાદન સમિતિ



ભાવેશભાઈ એમ. શાહ
સંપાદન સમિતિ

આપ સૌનાં સાથ, સહકાર અને શુભેચ્છાથી આ અંકથી "પરિવાર પત્રિકા"ની યાત્રા ૨૧મા વર્ષમાં પ્રવેશે છે.

આપણા અમદાવાદ મંડળના નેજા નીચે નવેમ્બર ૧૯૯૨માં જ્ઞાતિના સમાચાર અને પ્રવૃત્તિઓની માહિતી સભ્યોને મળતી રહે તેવા શુભ આશયથી 'પરિવાર' નામનું ત્રિમાસિક (સમાચારપત્ર) શરૂ કરવામાં આવ્યું. આ ત્રિમાસિકનું સળંગ દસ વર્ષ સુધી ડૉ.પિયૂષભાઈ કે. શાહે સફળ સંચાલન કરીને ઉદાહરણીય કાર્ય કરેલ છે. અનેકવિધ જવાબદારીઓ હોવા છતાં મંડળની દરેક પ્રવૃત્તિમાં રસ લઈ વર્ષો સુધી તેમણે ટ્રસ્ટીશ્રી, પ્રમુખશ્રી, બિલ્ડિંગ કમિટિના સભ્યશ્રી, ઉપપ્રમુખશ્રી વગેરે અનેક હોદ્દાઓ ઉપર રહી જવાબદારી નિભાવી છે.

સપ્ટેમ્બર ૨૦૦૨માં 'પરિવાર' ત્રિમાસિકનું માસિકમાં રૂપાંતર કરી 'પરિવાર પત્રિકા'ના નામથી પ્રગટ કરવાનું નક્કી કરવામાં આવ્યું. આ અંગેની જવાબદારી મને સોંપવામાં આવી. જ્ઞાતિમંડળને ફાયદો થાય અને સરક્યુલેશન વધે તોપણ પોસાય તે હેતુથી આ માસિક કન્સેશન દરે સભ્યોને પહોંચાડવાના હેતુથી સંપાદન કમિટિના સહયોગથી તે અંગેનું પોસ્ટલ લાઈસન્સ પણ મેળવ્યું. આમ આ માસિક અત્યારે પણ માત્ર ૨૫ પૈસાના દરે પોસ્ટ દ્વારા જ્ઞાતિ બંધુઓને મોકલવામાં આવે છે.

દિન-પ્રતિદિન નવી નવી ટેકનિક્સ, ડિઝિટલ અને ઈલેક્ટ્રોનિક તેમજ ઈન્ટરનેટના માધ્યમ દ્વારા આ માસિકને વધુ ને વધુ સમૃદ્ધ અને આકર્ષક બનાવવા અમારા નિયમિત પ્રયાસો થતા રહ્યા છે જ...

જ્ઞાતિ સમાચાર અને પ્રવૃત્તિઓ ઉપરાંત વિવિધ પ્રકારની બોધકથાઓ, સુવાક્યો, પ્રેરક વાર્તાઓ વગેરે આપવાનો પ્રયત્ન પણ કરેલ છે.

આ બે દાયકા દરમ્યાન નિતિમત્તા અને નિયમોને અધીન રહીને કેટલુંક લખાણ નથી લઈ શક્યા તે બદલ દિલગીરી વ્યક્ત કરીએ છીએ અને મિચ્છા મિ દુક્કડમ્ પાઠવીએ છીએ.

મારા સંપાદન અંતર્ગત પ્રગટ થતા આ અહેવાલો-માહિતી અને અન્ય પ્રવૃત્તિઓમાં સહ સંપાદક શ્રી બકુભાઈ સી. ગાંધીનો અને સંપાદન સમિતિનો વિશેષ સહયોગ છે. ઉપરાંત સૌથી વધુ ફાળો તો આપ સૌ વાચકોનો અને આપના તરફથી મળતા પ્રતિભાવોનો છે.

જય જિનેન્દ્ર
પ્રમોદ એન. ગાંધી - સંપાદક

સેવા
સહકાર
સંકલન
સંગઠન
સમજણ

# સંપાદકિય

દરેક સમસ્યાનો છેલ્લો રસ્તો
માફી જ છે.
ક્યાંક આપી દો,
અને ક્યાંકથી લઈ લો..!!

સવાલો કદી મરતાં નથી
જવાબો કોઈને ગમતાં નથી
ખુશીથી જીવન જીવી લ્યો સાહેબ
આંસુ તો આંખોને પણ ગમતા નથી.

જિંદગીમાં દરેક વાવાઝોડા
તમારું નુકશાન કરવા
નથી આવતા,
અમુક વાવાઝોડા
તમારો રસ્તો સાફ કરવા
માટે પણ આવતા હોય છે.

જિંદગી આખી જીવ્યા
પણ કોઈ આવીને પૂછતું નથી કે,
કઈ રીતે જીવો છો?
પણ મૃત્યુના દિવસે
જરૂર આવીને પૂછશે કે,
કઈ રીતે મર્યા?

અમુક સારા કર્મો,
એવા પણ હોવા જોઈએ,
જેની ખબર ભગવાન સિવાય,
બીજા કોઈને પણ ન હોય!

પાણી, વાણી અને કમાણીને
સાચવીને વાપરજો
કારણ કે,
ભવિષ્યમાં જો
આ ત્રણ નહી હોય તો,
ભવિષ્ય જ નહી હોય..

ઘમંડ ના કરવો ક્યારેય
પોતાના ભાગ્ય પર..
ક્યારેક એક કાંકરી પણ...
મોઢામાં ગયેલ કોળિયાને
બહાર કઢાવી શકે છે...!!

પાણીથી ન્હાય,
તે કપડાં બદલી શકે છે.
પણ જે પરસેવે ન્હાય,
તે કિસ્મત બદલી શકે છે!

સમય બતાવી શકે છે કે તમારી પાસે
કેટલો પૈસો છે...
પણ
પૈસો નથી બતાવી શકતો કે હવે તમારી
પાસે કેટલો સમય છે...

કોઈએ મને પૂછ્યું
"આ દુનિયામાં તમારું કોણ છે?"
મેં હસીને કહ્યું,
"જો સમય સારો તો
બધા આપણા
નહિતર કોઈ નહી."

ભગવાન ક્યારેય ભાગ્ય નથી લખતાં,
જીવનના દરકે ડગલાં પર
આપણો વિચાર,
આપણો વ્યવહાર,
આપણું કર્મ જ
આપણું ભાગ્ય લખે છે.

પહેલાના લોકો લોટ જેવા હતા,
લાગણીનું પાણી નાંખીએ તો
ભેગા થઈને બંધાઈ જતાં...
આજે... લોકો રેતી જેવાં છે,
ગમે તેટલું લાગણીનું પાણી નાખો
તો પણ છૂટા ને છૂટા.

નીતિ સાચી હશે તો નસીબ
ક્યારે પણ ખરાબ નહીં થાય.
બીજો માણસ આપણા પર
વિશ્વાસ મૂકે એ જ
આપણા જીવનની
સૌથી મોટી સફળતા છે.

દુ:ખ ભોગવનાર વ્યક્તિ
આગળ જઈને કદાચ
સુખી થઈ શકે છે,
પરંતુ દુ:ખ આપનાર વ્યક્તિ
આગળ જઈને
ક્યારેય સુખી થતો નથી.

માણસાઈ દિલમાં હોય છે,
હેસિયતમાં નહીં,
ઉપરવાળો માત્ર કર્મો જ જુએ છે,
વસિયત નહીં.

તમે ગમે તેટલા
શતરંજના મોટા ખેલાડી હો,
પરંતુ સરળ વ્યક્તિ સાથે કરેલ કપટ
તમારી બરબાદીના
તમામ રસ્તા ખોલી નાખે છે.

પ્રાણ ગયા પછી શરીર
સ્મશાનમાં બળે છે.
અને
સંબંધોમાં પ્રેમ ગયા પછી
માણસ મનોમન બળે છે.

જીવનમાં સ્વાર્થ પૂરો થઈ ગયા પછી,
અને
શરીરમાંથી શ્વાસ છુટી ગયાં પછી
કોઈ કોઈની રાહ જોતું નથી.

જે જોઈએ તે મેળવીને જ જંપવું
એ કદાચ સફળ માણસની નિશાની છે,
પણ જે મળ્યું હોય એમાં હસતો
ચહેરો રાખીને જીવવું એ
સુખી માણસની નિશાની છે.

ઈશ્વર જ્યારે આપે છે
ત્યારે સારું આપે છે,
નથી આપતો ત્યારે
વધુ સારું મેળવવાનો રસ્તો આપે છે,
પણ જ્યારે રાહ જોવડાવે છે
ત્યારે તો સૌથી ઉત્તમ ફળ જ આપે છે.

પ્રમોદ એન. ગાંધી-સંપાદક ● બકુભાઈ સી. ગાંધી-સહસંપાદક

## ભાવભરી નમ્ર અપીલ

ધર્માનુરાગી સુજ્ઞ જ્ઞાતિ બંધુઓ,
જય જિનેન્દ્ર

અમદાવાદ જ્ઞાતિ મંડળ, અમદાવાદની સમ્યક જ્ઞાન પ્રસાર સમિતિના ઉપક્રમે તા.૦૩-૧૧-૨૨ને ગુરુવારના રોજથી મંડળના હોલ પર ધાર્મિક શિક્ષણ, ભાષા શુદ્ધિકરણ અને સંસ્કાર સિંચન માટે પાઠશાળા શરૂ કરવામાં આવી છે.

આ પાઠશાળામાં જ્ઞાતિજનો ઉપરાંત આજુબાજુના જૈનો પણ લાભ લે છે.

આ પાઠશાળા શરૂ કરવાનો વિચાર આવવો, સંનિષ્ઠ પ્રયત્ન કરવા અને નાણાંકીય સહયોગ આપવાનું મુખ્ય શ્રેય આપણા સમાજના દાનવીર શ્રી દિલીપકુમાર ભોગીલાલ શાહ (ભાલક-અમદાવાદ) ને જાય છે અને તે બદલ સમગ્ર સમાજ વતી શ્રી દિલીપકુમાર ભોગીલાલ શાહ પરિવારનો આભાર માનીએ છીએ.

સાથોસાથ આ સમય દરમિયાન કેટલાક જ્ઞાતિબંધુઓએ પણ નાણાંકીય સહયોગ આપેલ છે જેનો આભાર માનીએ છીએ.

પાઠશાળાને ઓક્ટોબર માસમાં એક વર્ષ પૂર્ણ થાય છે. સમ્યક જ્ઞાન ખાતે મર્યાદિત ફંડ ઉપલબ્ધ છે. પાઠશાળાનું આ ધાર્મિક શિક્ષણ કાર્ય સતત ચાલુ રહે તે પણ ખુબ જ જરૂરી છે. આ માટે સમગ્ર સમાજના જ્ઞાતિબંધુઓનો નાણાંકીય સહયોગ અનિવાર્ય છે. આપ સર્વેના નાણાંકીય સહયોગ માટે અપીલ સહ નમ્ર વિનંતી કરીએ છીએ.

આ ધાર્મિક કાર્ય માટે આપના સહયોગની અપેક્ષા સાથે,

> પાઠશાળા ઈંટ-ચૂનાનું માત્ર મકાન નથી,
> પાઠશાળા તો ગુરુ-શિષ્ય દ્વારા થતું જ્ઞાન સ્નાન છે!
> મંત્રોચ્ચાર અને સૂત્રોચ્ચારનો પવિત્ર ઘંટારવ છે.
> આરાધના અને ઉપાસનાનું ભવ્ય મેઘધનુષ છે.
> પાઠશાળા માટે આપેલું ડોનેશન શ્રેષ્ઠ છે.

> જ્ઞાન અને ક્રિયાના સુગંધિત સમન્વયને
> જ્ઞાનીઓ મોક્ષ કરે છે.
> જ્ઞાન વગરની ક્રિયાઓ એકડા વગરના મીંડા છે.
> જ્ઞાનનો એકડો ઘૂંટવા માટે પાઠશાળાનાં પગથિયાં
> ચડવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.

> જ્યારે-જ્યારે કોઈ જગાએ પાઠશાળાનું
> બોર્ડ જોઉં છું ત્યારે-ત્યારે મને
> કોઈ જિનાલયની ધજા લહેરાતી હોય
> એવો અનુભવ થાય છે!
> પાઠશાળા વગર જૈન ધર્મના ભવિષ્યની
> કલ્પના પણ હું નથી કરી શકતો!

બકુભાઈ સી. ગાંધી-પ્રમુખ ● ભાવેશ એમ. શાહ-મંત્રી
વિજય કે. શાહ-કન્વીનર (સમ્યક જ્ઞાન પ્રસાર નિધિ સમિતિ)

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

## યુથ જુથ

પ્રિય જ્ઞાતિજન,

આપ સૌ જાણો છો કે, અમદાવાદ મંડળના દીર્ઘદ્રષ્ટા મુખ્ય હોદ્દેદારો દ્વારા સમાજના યુવા વર્ગને સાંકળી લેવા માટે જ્યારથી યૂથ ફોરમની રચના કરવામાં આવી ત્યારથી જ યૂથ ફોરમ આપણા સમાજનાં દરેક ઉંમરના બાળકો તેમજ યુવાનોને પોતાની અંદર રહેલી વિવિધ ક્ષમતાને વેગ આપવા માટે સદાય અનેક જુદા જુદા કાર્યક્રમો આપતું આવેલ છે અને તેના ફળ સ્વરૂપ અમારા ધ્યેય મુજબની ધારી સફળતા પણ મળી છે.

સાલ ૨૦૧૯માં ક્રિકેટ ટુર્નામેન્ટ દ્વારા આરંભેલ આ આયોજન દ્વારા આજે સમાજનાં ૫૦ થી ૬૦ યુવાનો આજે પણ છેલ્લા ચાર વર્ષથી એકબીજાની ખુબ જ નજીક આવ્યા અને દર અઠવાડિયે અચૂક સાથે મળીને ક્રિકેટ રમી રહ્યા છે.

અમને ગર્વ સાથે જણાવતા ખુબ જ આનંદ થાય છે કે, અમે આવાજ એક અન્ય કાર્યક્રમ 'ગાતા રહે મેરા દિલ'નું આયોજન તારીખ ૧૧ જૂન, ૨૦૨૩ના રોજ કરેલ અને તે દ્વારા સમાજનાં ગીત-સંગીતના શોખીન સભ્યોને પોતાનો શોખ, હુન્નર ને રજૂ કરવા માટેનું પ્લેટફોર્મ પૂરું પાડેલ અને એક સુંદર કાર્યક્રમ રજૂ કરી શકેલ. આના પરિણામ સ્વરૂપ આજે ૨૫ જેટલા સભ્યો એકત્ર થઈને એક 'સૂરીલી સંગત' નામના ગ્રુપનું નિર્માણ કર્યું અને પોતાની સંગીત કલાને વિકસાવવાનું તથા નિજાનંદમાં મસ્ત થવાની એક નવી પ્રવૃત્તિને વેગ આપ્યો.

પોતાની આ નવી પ્રવૃત્તિને આગળ ધપાવવા માટે આ ગ્રુપ દ્વારા તારીખ ૨૯ જુલાઈ, ૨૦૨૩ના રોજ એક પ્રેફેશનલ સ્ટુડિયોમાં કરાઓકે નાઈટનું આયોજન કર્યું અને સૌ સાથે મળીને ખુબ જ મોજ કરી.

આવા સુંદર આયોજન અને યુવા વર્ગને એકત્ર કરવાના અમારા આ સફળ અભિગમનો અમદાવાદ મંડળ તથા યૂથ ફોરમને ગર્વ છે.



તારીખ ૨૯ જુલાઈ, ૨૦૨૩ના કાર્યક્રમની આછેરી ઝલક

## સાધર્મિક સહાય ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ

રૂા.૨૫૦૦૦/-



ચીનુભાઈ છબીલદાસ શાહ
(ભાલક-અમદાવાદ)

સ્વ.શ્રી ચીનુભાઈ છબીલદાસ શાહ (ભાલક) અમદાવાદની સ્વર્ગવાસની દસમી પૂણ્યતિથિ (સ્વ.તા.૧૨-૦૯-૨૦૧૩) નિમિત્તે સદ્‌ગતની સ્મૃતિમાં તેમના આત્મશ્રેયાર્થે મંજુલાબેન ચીનુભાઈ શાહ પરિવાર તરફથી રૂા.૨૫૦૦૦/- કાયમી સાધર્મિક સહાય ક્ષેત્રે મળ્યા છે. જ્ઞાતિમંડળ સદ્‌ગતને શ્રધ્ધાંજલિ અર્પે છે અને આ પરિવારની 'સાધર્મિક ક્ષેત્રે સહાય'ની લાગણીની અનુમોદના કરે છે.

## શૈક્ષણિક સહાય ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ

રૂા.૨૧૦૦૦/-



મંજુલાબેન ચિનુભાઈ શાહ
(ઉનાવા-રાજકોટ)

ધર્મપ્રિય, શાંત, સરળ, સાદી જીવનશૈલીથી અને वसुधैव कुटुम्बकम् ની ભાવનાથી સમગ્ર પરિવારને એક તાંતણે બાંધવાથી લોકપ્રિય બનેલા સ્વ.મંજુલાબેનની પુણ્યસ્મૃતિમાં તેમના આત્મશ્રેયાર્થે શેઠશ્રી ચીનુભાઈ જેશીંગલાલ શાહે (ઉનાવા-હાલ:રાજકોટ) અમદાવાદ જ્ઞાતિમંડળના શૈક્ષણિક ક્ષેત્રમાં રૂા.૨૧૦૦૦/- નું દાન અર્પણ કરેલ છે. શિક્ષણ એ સમાજ પરિવર્તનનો પાયો છે. શિક્ષણ વિના વ્યક્તિ કે સમાજનો વિકાસ થઈ શકે નહિ. શિક્ષણથી જ સમાજ અને પરિવાર સુગ્રથિત બને છે. આવી વિચારધારા ધરાવનાર શ્રી ચીનુભાઈએ કારકીર્દિની શરૂઆત શિક્ષક તરીકે કરેલી. શ્રમજીવી સોસાયટી, રાજકોટના જિનાલયમાં શરૂઆતમાં તેમણે ઘણાં વર્ષો સેવા આપેલી. તેમના સત્કાર્યોમાં પરિવારજનો કૌશિકભાઈ, શિલ્પાબેન, ગં.સ્વ. ગીતાબેન ધર્મેન્દ્રભાઈ, કલ્પેશભાઈ-સુકેશીબેન, પૌત્રાદિક સંપૂર્ણ યોગ આપે છે. જ્ઞાતિજનો માટેની શુભલાગણી બદલ મંડળ અભિનંદન આપીને આભાર માને છે. સ્વ. મંજુલાબેનને પરમાત્મા શાંતિ અર્પે તેવી મંડળ પ્રાર્થના કરે છે.

## મેડિકલ સહાય સ્કીમ ક્ષેત્રે.... દાન-ફંડ-ભેટ

રૂા.૨૫૦૦/-

સ્વ. અ.સૌ. નિતલબેન વિશાલભાઈ શાહ (વિસનગર) અમદાવાદની સ્મૃતિમાં સદ્‌ગતના આત્મશ્રેયાર્થે શ્રી હસમુખભાઈ માણેકલાલ શાહ પરિવાર તરફથી રૂા.૨૫૦૦/- મેડિકલ સહાય સ્કીમમાં આપવામાં આવ્યા છે. જ્ઞાતિમંડળ સદ્‌ગતના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરે છે.

### અમૃતબિંદુ

- સંબંધોની માયાજાળમાં એક સંબંધ લીમડા જેવો રાખો, શિખામણ કડવી આપે પણ તકલીફમાં ઠંડો છાંયડો પણ આપે.
- ક્યારેક તમે બીજા માટે માંગીને જુઓ, તમારે ક્યારેય માંગવાનો વારો નહિ આવે.
- બહુ ફરિયાદ ના કરો, કારણ કે જે પૈડું સૌથી વધારે અવાજ કરે છે તેને પહેલા બદલવામાં આવે છે.

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ

### રાસ ગરબાના સાંસ્કૃતિક કાર્યક્રમ માટેના સ્વાગત પ્રમુખ



શ્રીમતી જયશ્રીબેન પ્રદીપભાઈ શાહ

यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः ।

જે સમાજમાં નારીઓનું સન્માન થાય છે ત્યાં દેવતાઓ પ્રસન્ન રહે છે. આદ્યશક્તિના અંશ એવી નારીશક્તિનું પ્રતીક આપણા સમાજની મહિલાઓ નવરાત્રિના પાવન અવસરે ગરબે ઘૂમે અને વિશ્વંભરી અન્નપૂર્ણાની ભક્તિ કરે એ નિહાળવાનો લ્હાવો ધરાવનાર શ્રીમતી જયશ્રીબેન પ્રદીપભાઈ શાહે આપણી જ્ઞાતિના મહિલા મંડળને રૂા.૧૫૦૦૦/-નું દાન આપ્યું છે. તેઓ શ્રીમતી નિરંજનાબેન રતિલાલ શાહ (ઉનાવા- હાલ:અમદાવાદ)ના પુત્રવધૂ અને વસંતીબેન અંબાલાલ શાહ (ઉનાવા)ના સુપુત્રી છે. શ્રીમતી જયશ્રીબેન અને શ્રી પ્રદીપભાઈ બંને સુશિક્ષિત છે. આ દંપતિએ બિઝનેસ કરીને, કમાઈને, સંતાનોને ઉચ્ચશિક્ષણ અપાવ્યું છે. સુપુત્ર ચિ.ચિરાગ 'I.C.' એન્જીનીયર છે અને U.S. ની કંપનીમાં જોબ કરે છે. ચિ.ચિરાગ તથા પુત્રવધુ હિમા ચિરાગભાઈ શાહ, સુપુત્રીઓ - મેઘા આદિત્ય ત્રિવેદી તેમજ પલક વૃતાંગ શાહ - આ ત્રણે સંતાનો પરિણિત છે. પરિશ્રમી અને પરિપક્વ એવા શ્રીમતી જયશ્રીબેન દીર્ઘદ્રષ્ટિ ધરાવે છે. અમદાવાદ મહિલા મંડળ શ્રીમતી જયશ્રીબેનની ઉદારતાને બિરદાવી અભિનંદન સહ તેમનો આભાર માને છે.

## ધાર્મિક સમાચાર

શ્રી બોકરવાડા મુકામે આ વર્ષે પર્યુષણ દરમિયાન આઠેય દિવસ મૂળનાયક શ્રી અજીતનાથાયદાદાની ખૂબ જ સુંદર અને ભવ્ય આંગી બનાવવામાં આવી અને દરેક પરિવારજનોને વોટ્સએપ દ્વારા દર્શન કરાવવામાં આવ્યા. આ ઉપરાંત મહાવીર જન્મ વાંચનના દિવસે સમગ્ર ગામમાં લાડવાની પ્રભાવના કરવામાં આવી તેમજ ૭૫ અનાજની કીટ અનુકંપા દાન તરીકે વિતરણ કરવામાં આવી. આ સમગ્ર પ્રવૃત્તિમાં દરેક પરિવારજનોએ ઉલ્લાસપૂર્વક અમોને સાથ અને સહકાર આપી પ્રભુ ભક્તિનું ઉમદા ઉદાહરણ પૂરૂ પાડ્યું છે.

## બદલાયેલા સરનામા

### મુંબઈ

વસંત તલકચંદ શાહ.............................(દેલોલીવાળા)
૫૦૩, બી.ઓ.આઈ. મનીષા સી.એચ.એસ. લિ.
સીમ્પોલી રોડ, કસ્તુર પાર્ક, બોરીવલી(વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૯૨.
મો.: ૮૭૭૯૭૦૯૯૧૮

### નવા આજીવન સભ્યો

ફેનીલ મનીષકુમાર શાહ............................(વિસનગર)
૪૦૬, શેઠ સેરેનીતા, ડૉક્ટર હાઉસની પાછળ, ઈન્ડુસઈન્ડ બેન્કના ખાંચામાં, પરીમલ ચાર રસ્તા, આંબાવાડી, અમદાવાદ.
મો.: ૯૪૦૯૪૦૭૩૪૪

**આ ચરણ તો માત્ર
મંદિર સુધી જ લઈ જઈ શકે,
આચરણ તો પરમાત્મા સુધી લઈ જઈ શકે.**

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ

### રાસ-ગરબાના અલ્પાહારના દાતા



સ્વ.શ્રીમતી કંચનબેન જયંતીલાલ શાહ (ઉનાવા)

સ્વ.શ્રીમતી કંચનબેન જયંતીલાલ શાહ (ઉનાવા) અને શ્રીમતી ઊર્મિલાબેન હસમુખભાઈ શાહ (ઉનાવા) પરિવાર

ગરબોએ ગુજરાતની કલ્ચરલ આઈડેન્ટિટી છે. એની સાથે આપણા ઉલ્લાસનું અનુસંધાન જોડાયેલું છે. એ કારણે લગભગ પાંચેક વર્ષથી શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિમંડળ, અમદાવાદના મહિલા મંડળ દ્વારા દર વર્ષે રાસ-ગરબાનું વિશેષ આયોજન કરવામાં આવે છે. આ વર્ષે ૧૫ ઓક્ટોબર-૨૦૨૩ના રોજ આયોજિત રાસ-ગરબાના અવસરે અલ્પાહારના દાતા તરીકે ઉનાવાનિવાસી સ્વ.શ્રીમતી કંચનબેન જયંતીલાલ મણિલાલ શાહ તથા ઊર્મિલાબેન હસમુખભાઈ શાહ પરિવારે રૂા.૪૧૦૦૦/-ના ડોનેશન દ્વારા લીધો છે. સ્વ. કંચનબેન અને શ્રીમતી ઊર્મિલાબેન સગી બહેનો છે અને એમનું મૂળ વતન (પિયર) વડાવલી છે. એટલું જ નહીં, એક જ સંસ્કારી પરિવારમાંથી આવેલી આ બંને બહેનો સાસરે પણ એક જ સંસ્કારી પરિવારમાં કાકા-ભત્રીજા સાથે લગ્ન કરીને આવી છે. સંપ, સહકાર અને સદ્ભાવનો ત્રિવેણીસંગમ બંને બહેનોના વ્યક્તિત્વમાં છલોછલ અનુભવી શકાય.

દાન આપવા માટે આર્થિક સમૃદ્ધિ અને દિલની ભાવના આ બંને જેને મળ્યાં હોય એ સાચો પુણ્યશાળી !

આપણે જાણીએ છીએ કે સ્વ.શ્રીમતી કંચનબહેન આપણા સમાજનાં સ્વજનોના આરોગ્યની માવજત માટે અને સમાજસેવા માટે હંમેશા સમર્પિત રહેતાં હતાં. એમના સુપુત્રો શ્રી સંજયભાઈ શાહ અને પુત્ર વધુ નીલાબેન શાહ, શ્રી વિભાકરભાઈ શાહ અને પુત્રવધુ મીનાબેન શાહ અને ડૉ.વિજયભાઈ શાહ અને પુત્રવધુ શ્રીમતી કામીનીબેન શાહ તેમજ એમના પરિવાર દ્વારા આપણા જ્ઞાતિસમાજને વૈવિધ્યપૂર્ણ સહયોગ મળતો રહ્યો છે.

સ્વ.કંચનબેનનાં નાના બેન શ્રીમતી ઊર્મિલાબેનની સમાજસેવાઓ પણ મેઘધનુષની જેમ બહુરંગી છે. ઈ.સ. ૧૯૯૨માં માત્ર પાંચ જ બહેનોને સાથે લઈને એમણે મહિલા મંડળનો આરંભ કર્યો હતો. આજે આ મહિલામંડળમાં ૪૭૫થી વધુ મહિલાઓ છે. ૨૫ થી વધુ વર્ષો સુધી સ્થાપક-પ્રમુખ તરીકે અને અત્યારે સલાહકાર તરીકે તેઓ સક્રિય છે. એમના નેતૃત્વમાં યોજાતા વિવિધ કાર્યક્રમો સ્મરણીય સંભારણું બની રહે છે. તપસ્વીઓનું બહુમાન, વાનગી સ્પર્ધા, અંતાક્ષરી, તીર્થયાત્રા-પિકનિક પ્રવાસ, મહિલારોગોની ઉપચાર વિષયક શિબિર વગેરે અનેક પ્રવૃત્તિઓમાં મહિલાઓના સાહસને તથા ઉત્સાહને તેઓ જોડે છે. તેમના સુપુત્ર નયનકુમાર, પુત્રવધૂ જયશ્રીબેન, પુત્રીઓ ભાવનાબેન તેમજ અલ્પાબેન, પૌત્ર અને પૌત્રીઓ સૌ એમના વત્સલછત્રનો આદર કરે છે.

આ વર્ષે મહિલા મંડળ દ્વારા આયોજિત રાસ-ગરબા મહોત્સવમાં અલ્પાહારના દાતા તરીકે આ બન્ને બહેનોના પરિવારનો સહયોગ મળ્યો છે, તેનો સૌજન્યભાવે સ્વીકાર કરીએ છીએ અને સમાજ પ્રત્યેની ભાવનાને બિરદાવતા જ્ઞાતિ મંડળ આભાર વ્યક્ત કરે છે.

**આવકથી સુખ મળે છે, દાનથી આનંદ મળે છે.**
**આનંદ વગરના સુખની કિંમત ફૂટી કોડીનીય નથી!**

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ

### રાસ ગરબાના સાંસ્કૃતિક કાર્યક્રમના મુખ્ય દાતા



શ્રીમતી કલાવતીબેન જયંતીલાલ શાહ (લણવા)

શ્રીમતી કલાવતીબેન જયંતીલાલ શાહ (લણવા) પરિવાર ગુજરાતની સાંસ્કૃતિક વિરાસત એટલે રાસ-ગરબા મહોત્સવ. શક્તિની ભક્તિના પર્વ ઉપરાંત આપણા વિવિધ સામાજિક અને રાષ્ટ્રીય અવસરે પણ રાસ-ગરબાનું વિશિષ્ટ આયોજન થતું હોય છે. શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિમંડળ અમદાવાદના મહિલા મંડળના ઉપક્રમે ૧૫મી ઓક્ટોબર-૨૦૨૩ના રોજ આયોજિત રાસ-ગરબા સાંસ્કૃતિક આયોજનના મુખ્ય દાતા તરીકે શ્રીમતી કલાવતીબેન જયંતીલાલ શાહ (લણવા) પરિવારે લાભ લીધો છે.

બીજા આપે તો હું દાન આપું એ હઠ ખોટી, બીજું કોઈ આપે કે ન આપે હું તો દાન આપીશ એ જિદ્ સાચી!

ગાંભુ તીર્થ નિવાસી શ્રીમતી ચંદનબેન કેશવલાલ શાહની દીકરી શ્રીમતી કલાવતીબેન શ્રેષ્ઠ સંસ્કારોનો કરિયાવર લઈને સાસરે આવ્યાં અને સાસરિયા પરિવાર સાથે દૂધમાં સાકરની જેમ ભળી ગયાં હતાં. પરિવારના વડીલોનું માન જાળવવાનું હોય, સંતાનોનું સંસ્કાર-ઘડતર કરવાનું હોય કે અતિથિઓનો સત્કાર કરવાનો હોય; દરેક કાર્યમાં શ્રીમતી કલાવતીબેને ઉમદા અને અનુકરણીય વ્યવહારનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ક્યારેક આર્થિક સંકટ હોય કે ક્યારેક સામાજિક સંબંધોનો સંઘર્ષ આવે, ત્યારે કુનેહપૂર્વક તેમણે પરિવારનું સંતુલન જાળવી રાખ્યું હતું. જૈન ધર્મમાં તપ અને ત્યાગની વિશિષ્ટ પરંપરા છે. શ્રીમતી કલાબેને અનેક તપસ્યાઓ કરી હતી. કરુણા અને જીવદયા એમનું બ્લડગ્રુપ હતું.

એમના પરિવારમાં ત્રણ પુત્ર અને બે દીકરીઓ છે. જ્યેષ્ઠ પુત્ર શ્રી ભરતભાઈ GSTC માં Public Relation મેનેજર હતા. બીજા પુત્ર શ્રી વસંતભાઈ અલ્હાબાદ બેંકમાં હતા. સૌથી નાના પુત્ર શ્રી સુબોધભાઈ વાઘ-બકરી ગ્રુપમાં ફોરેન માર્કેટીંગની જવાબદારી સંભાળી રહ્યા છે. તેમની દીકરીઓ સુરેખાબેન દિલીપભાઈ વોરાને મોરબી અને રંજનબેન પંકજભાઈને બોકરવાડા પરણાવેલ છે.

સમાજસેવામાં ક્યારેય પીછેહટ નહીં કરવાનો ઉમદા સંસ્કાર વારસો એમને માતા-પિતા તરફથી મળેલો તો છે જ, પણ આ સંતાનોએ એ વારસાને રૂડી રીતે દીપાવ્યો છે! શ્રી જયંતીલાલ મંગળદાસ શાહ પરિવાર તરફથી સ્વ.કલાવતીબેનના સ્મરણાર્થે આપણા મહિલા મંડળ દ્વારા આયોજિત રાસ-ગરબાના સાંસ્કૃતિક કાર્યક્રમમાં દાતા તરીકે રૂા.૨૧૦૦૦/- નો સહયોગ આપેલ છે અને સહયોગને હૃદયપૂર્વક બિરદાવીએ છીએ અને સમાજ પ્રત્યેની ભાવનાને બિરદાવતા જ્ઞાતિ મંડળ આભાર વ્યક્ત કરે છે.

**ધન કમાવાનું હોય તો આપણે વાયદા નથી કરતા.**
**દાન આપવાનું હોય ત્યારેય વાયદા ન કરવા જોઈએ.**

રૂપવતી અને યૌવનની છલકાતી મૃદુલા કોલેજમાંથી ભણીને બહાર આવી ત્યારે અનેક સ્વપ્નોથી ઉભરાતી હતી. પોતાને કેવો યુવાન ગમે છે તેની તેને ખબર હતી. પોતાના બાળકોને કેવા સંસ્કારી બનાવશે તેની તેને સમજ હતી. જે ઘરમાં પોતે ગૃહીણી તરીકે જવાની છે તેને કેવું સજાવશે તેનો તેને ખ્યાલ હતો.

પિયરમાં મૃદુલાના માતા-પિતા સંસ્કારથી શ્રીમંત હતા. તેમની આર્થિક પરિસ્થિતિ મધ્યમ વર્ગના માનવી જેવી હતી. પણ તેમના હૃદયની ઊંચાઈ શ્રીમંત માનવી કરતા મોટી હતી.

મૃદુલાના લગ્ન તેના સ્વપ્નના રાજકુમાર સાથે થયેલા.

મૃદુલા નવા ઘરમાં પહોંચીને ખુશ હતી.

ક્યારેક એવું બને છે કે જીવન જ્યારે સરસ રીતે ધપતું હોય ત્યારે જ અચાનક કુદરતનો ફટકો વાગે !

એક સાંજે મૃદુલાના પતિને એક્સીડન્ટ થયો અને ત્યાં જ તેમનું અવસાન થયું.

મૃદુલા એકલી પડી ગઈ.

મૃદુલાના કમનસીબની તે સમયે શરૂઆત થઈ. તેના સાસુ-સસરા વગેરે ખરાબ બોલવા માંડ્યા. કહેવા લાગ્યા કે તે અપશુકનિયાળ છે! જાતજાતના કડવા વચનો સાંભળીને મૃદુલા રડી રડીને અડધી થઈ ગઈ. તેની સાથે હવે કોઈ નહોતું. તેની વાત સાંભળનાર કોઈ નહોતું. તેને સહારો આપનાર કોઈ નહોતું.

મૃદુલાના માતા-પિતા પણ દુનિયામાં રહ્યા નહોતા. ભાઈઓ-બહેનો તેની સાથે નહોતા.

મૃદુલાને કોઈનો સહારો નહોતો. મૃદુલા પાસે પૈસા પણ નહોતા. પતિ જે પૈસા મુકીને ગયો હતો તે સાસુ-સસરાએ આપવાની ના પાડી દીધી. મૃદુલાને શું કરવું તે સૂઝતું નહોતું.


મૃદુલાને લાગવા માંડ્યુ કે હવે આ સંસારમાં જીવીને કોઈ અર્થ નથી.

તેને થયું કે આ સંજોગોમાં હવે મૃત્યુનો સહારો તેના માટે બચ્યો છે. તેણે આપઘાત કરવો જોઈએ.

મૃદુલાએ વિચાર્યું કે કોઈ પોતાને સલાહ આપે તો સારું પણ તેવું પણ કોઈ નજરે પડતું નહોતું.

મૃદુલા બજારમાં જઈને સાઈનોમાઈડ નામનો પાવડર લઈને આવી. તેણે ક્યાંકથી જાણેલું કે આ પાવડર પી લેવાથી મરી જવાય છે!

તે પોતાના રૂમમાં જતી રહી. રૂમ અંદરથી બંધ કર્યો. ઈશ્વરનું સ્મરણ કર્યું. તેણે પાવડર ભરવા માટે એક કાગળના ટુકડાની જરૂર પડી. કાગળનો ટુકડો દેખાયો નહીં. કબાટ ખોલ્યું. કબાટમાં વર્ષો પહેલા જ્યારે તે ભણતી હતી. ત્યારે જે નોટમાં પ્રોફેસરએ લખાવેલું તેનું બંડલ નજરે પડ્યું. તેને બંડલની સૂતળી તોડી. એક નોટ બહાર ખેંચી કાઢી, તે પ્રો. બી.




પાઠક સાહેબના લેક્ચરની નોંધની નોટબુક હતી. તે કાગળનો ટુકડો તેમાંથી ફાડવા ગઈ. તે સમયે તેની નજર એક વાક્ય પર પડી.

મૃદુલા તે સમયે ભૂતકાળમાં પહોંચી ગઈ.

પ્રો. પાઠક સાહેબ ખૂબ પ્રેમથી ભણાવતા. વિગતવાર સમજાવતા. બધા જ સ્ટુડન્ટ્સ બરોબર ભણે તેનું ધ્યાન રાખતા. મૃદુલાની નજર નોટબુકના જે પાના ઉપર પડી તેમાં લખેલું હતું. આપઘાત એ કાયરતાનો માર્ગ છે. ડૉ. પ્રસાદ કવિની 'ધ્રુવ સ્વામી' ની ઉપર જે વિવેચન કરેલું તેની વિગતવાર તે નોંધ હતી.

મૃદુલા ધ્રુજી ગઈ. તેણે તે વાક્ય વારંવાર વાંચ્યુ. મૃદુલાએ મનમાંથી આપઘાતનો વિચાર ફેંકી દીધો. તે પીયર ગઈ. ભાઈઓને સમજાવ્યું કે મને ફરીથી ભણાવો. મારું જીવન બચાવવાનો એ જ રસ્તો છે. ભાઈઓએ તેને ટેકો આપ્યો.

તેણે ખંતથી બી.એ., બી. એડ., એમ.એડ.નો અભ્યાસ કર્યો. તે નાની સ્કૂલમાં શિક્ષિકા બની. આગળ વધીને માધ્યમિક સ્કુલની પ્રિન્સીપાલ થઈ.

એક દિવસની વાત છે.

તેને થયું કે હવે પોતાની પાસે નાનકડું ઘર છે. પૈસાની થોડી આવક થઈ છે. તેની બચત પણ ભેગી થઈ છે. ક્યારેક ક્યારેક તીર્થયાત્રાએ જઈએ તો પ્રભુના દર્શન પણ થાય અને મન પ્રસન્ન પણ થાય. તે હિંમત કરીને નીકળી પડી.

સ્ટેશને પહોંચીને તેણે ટિકીટ લીધી. પ્લેટફોર્મમાં દાખલ થઈ ત્યાં તો પ્રો. પાઠક સાહેબને ઉભેલા જોયા.

મૃદુલાને થયું કે જાણે સાક્ષાત તીર્થનું દર્શન થઈ ગયું. એ દોડતી પાઠક સાહેબ પાસે ગઈ. તેમના ચરણોમાં ઝુકી, જે પાઠક સાહેબે પોતાને ભણાવી હતી અને જે પાઠક સાહેબના વચનથી પોતે જીવતી હતી તેમના દર્શનથી જીવનની આ ક્ષણ પાવન થઈ રહી હતી. પાઠક સાહેબે તેને ન ઓળખી ત્યારે મૃદુલાએ અને પોતાનો પરિચય આપ્યો અને પોતાના જીવનની ઘટના કહી. પ્રો. પાઠક સાહેબની આંખમાં પણ ઝળઝળીયા આવી ગયા.

તેમણે કહ્યું, 'બેટા, જીંદગીમાં હારતી નહીં અને તારી જ કથા કહીને નવી પેઢીના યુવાનોને જીવવાની પ્રેરણા આપજે ! કંઈ કામ પડે તો તારા બુઢ્ઢા બાપના ઘરે આવી ચઢજે!'

મૃદુલા તેમના ચરણોમાં ઢળી પડી.

**પ્રભાવના :**

'કેટલાક માણસનું મન ઘાસ જેવું હોય છે. જે પોતાની જાતને સંભાળી શકતું નથી. બીજાને છાયા પણ આપી શકતું નથી. કેટલાકનું મન ઝાડના ઠુંઠા જેવું હોય છે, જેમણે વિકાસ સાધી લીધો છે પણ મધુરતાના પાંદડા ખરી પડ્યા છે. કેટલાકનું મન વાદળ જેવું હોય છે. જે ખારા પાણીને મીઠું બનાવીને ધરતી પર વરસાવી દે છે અને કેટલાક માનવોનાં મન લતામંડપ જેવા હોય છે. જે સ્વયં તાપ સહન કરે છે અને બીજાને ઠંડક આપે છે.'

*સૌજન્ય : આચાર્યશ્રી વાત્સલ્યદીપ સુરિશ્વરજી*

## સોળમી પુણ્યતિથીએ

# ભાવભીની શ્રધ્ધાંજલિ



## સ્વ. મહેન્દ્રભાઈ તલકચંદ શાહ (દેલોલી)

સ્વ. તા. ૨૨-૧૦-૨૦૦૭ (રાજકોટ)

સહનશીલતા જેમનો શ્વાસ હતો અને પરોપકાર જેમનો પ્રાણ હતો,
દયા જેમના દિલમાં હતી અને ઉદારતા જેમના ઉરમાં હતી,
સાથોસાથ કુટુંબ હેત એમના હૃદયમાં હતું.
આપનું સાદગીભર્યુ અને સંતોષીજીવન તથા માયાળુ સ્વભાવ,
લાગણીશીલતા અને પ્રેમાળતા અમો જીવનભર ભુલીશું નહીં.
મન હજુ માનતું નથી કે તમો અમારી વચ્ચે નથી...
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે અને
ભવોભવ જિનશાસનનું શરણું આપે એ જ પ્રાર્થના..

ભાઈલાલભાઈ નટવરલાલ ગાંધી
જયાબેન ભાઈલાલભાઈ ગાંધી
સંદીપ ભાઈલાલભાઈ ગાંધી
નિમા સંદીપ ગાંધી
મૈત્રી - દિયા
(સમોડા)

અલ્પેશ ભાઈલાલભાઈ ગાંધી
ફાલ્ગુની અલ્પેશ ગાંધી
કુશ અલ્પેશ ગાંધી
કાવ્ય અલ્પેશ ગાંધી
(સમોડા)

સ્વ.રંજનબેન મહેન્દ્રભાઈ શાહ
જયદીપ મહેન્દ્રભાઈ શાહ
જીગલ જયદીપ શાહ
વૈભવ જયદીપ શાહ
દિવ્ય જયદીપ શાહ
(દેલોલી)

A5, વ્રજ એપાર્ટમેન્ટ, ગુલબાઈ ટેકરા, આંબાવાડી, અમદાવાદ-6. મો.: 93777 02010

# અવસાન-શ્રધ્ધાંજલિ



**નિતલબેન વિશાલભાઈ શાહ**
ગામ : વિસનગર
હાલ : અમદાવાદ
સ્વ. તા.૦૭-૦૯-૨૦૨૩, ગુરુવાર




**અશોકભાઈ બુલાખીદાસ શાહ**
ગામ : બોકરવાડા
હાલ : રાજકોટ
સ્વ. તા.૦૯-૦૯-૨૦૨૩, શનિવાર



**નવીનભાઈ પીતાંબરદાસ શાહ**
ગામ : વાલમ
હાલ : મુંબઈ
સ્વ. તા.૧૨-૦૯-૨૦૨૩, મંગળવાર



**સતિષભાઈ રસિકલાલ શાહ**
ગામ : વડાવલી
હાલ : મુંબઈ
સ્વ. તા.૧૨-૦૯-૨૦૨૩, મંગળવાર



**ભરતભાઈ રતિલાલ શાહ**
ગામ : ઉનાવા
હાલ : અમદાવાદ
સ્વ. તા.૧૬-૦૯-૨૦૨૩, શનિવાર



**મનસુખલાલ રીખવચંદ સંઘવી**
ગામ : કરલી
હાલ : માલેગામ
સ્વ. તા.૨૨-૦૯-૨૦૨૩, શુક્રવાર



**હસમુખલાલ ભોગીલાલ શાહ**
ગામ : ધિણોજ
હાલ : ભાડુંપ-મુંબઈ
સ્વ. તા.૨૬-૦૯-૨૦૨૩, મંગળવાર

**આ દિવંગત આત્માઓને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના**

## હૃદયસ્પર્શી

### દીકરી એ માત્ર દીકરી જ નહી બાપની 'મા' પણ હોય છે.



એક પિતાએ એની લાડકવાયી દીકરીની સગાઈ કરી. છોકરો ખુબ સારો અને સંસ્કારી હતો એટલે છોકરીનાં પિતા ખૂબ ખુશ હતા. વેવાઈ પણ માણસાઈવાળા હતા. એટલે છોકરીના પિતાને મોટો બોજો ઉતરી ગયો હોય એવી હળવાશ અનુભવતા હતા. એક દિવસ છોકરીના સાસરિયાવાળાએ જમવા માટે તેડાવ્યા. તબિયત સારી ના હોવા છતાં છોકરીના પિતા એમના નવા વેવાઈના મહેમાન બન્યા. દીકરીના સાસરિયામાં એમને આદર સાથે આવકાર આપવામાં આવ્યો. વેવાઈ માટે ચા આવી. ડાયાબિટીસ હોવાથી ડોક્ટરે ખૂબ સાવચેતી રાખવાનું કહેલું અને ખાંડવાળી ચા પીવાથી મનાઈ કરેલી પણ  નવા સંબંધીને ખોટું ના લાગે એટલે ચા લઈ લીધી. ચાની પહેલી ચૂસકી મારી તો બિલકુલ ઘર જેવી જ ચા હતી. ખાંડ વગરની અને ઈલાયચી નાંખેલી. છોકરીના પિતાને થયું મારા ટેસ્ટની આ લોકોને કેમ ખબર હશે?

બપોરે જમવા બેઠા ત્યારે પણ બધી જ રસોઈ ડોક્ટરે જેવી સલાહ આપી હતી તે મુજબની જ હતી. બપોરની આરામની વ્યવસ્થા, ઉઠીને તુરંત વરિયાળીનું પાણી બધી જ વ્યવસ્થા ઘર જેવી જ હતી.

છોકરીના પિતાને સમજાતું નહોતું કે નવા વેવાઈને આ બધી ખબર કેમ પડી?

જ્યારે એમણે દીકરીના સાસરિયામાંથી વિદાય લીધી ત્યારે પૂછ્યા વગર ના રહી શક્યા કે મારે શું ખાવાનું છે? શું પીવાનું છે? મને કેવો ટેસ્ટ પસંદ છે? આ બધી ખબર તમને કેમ પડી?

દીકરીના સાસુએ કહ્યું, "કાલે સાંજે જ તમારી દીકરીનો મારા પર ફોન આવી ગયો હતો. એણે મને કહ્યું કે મારા પપ્પા એમના સ્વભાવ પ્રમાણે કઈ બોલશે નહી પણ એમની તબિયતને ધ્યાને લેતા કેટલીક બાબતોનું ખાસ  ધ્યાન રાખવાનું છે. તમે મારા પપ્પાને સાચવજો." બાપની આંખ ભીની થઈ ગઈ.

છોકરીના પિતા ઘરે આવ્યા એટલે ડ્રોઈંગરૂમમાં રાખેલા સ્વર્ગવાસી માતાના ફોટા પરથી હાર ઉતારીને નીચે મૂકી દીધો. એમના પત્નીએ પૂછ્યું, "કેમ બાના ફોટા પરથી હાર ઉતારી લીધો."

આંખમાં આંસુ સાથે પતિએ પત્નીને કહ્યું, "મને આજે ખબર પડી કે મારુ ધ્યાન રાખનારી મારી 'મા' ગઈ જ નથી. આ જ ઘરમાં હવે એ દીકરીના રૂપે રહે છે."

મિત્રો, જેના ઘરમાં દીકરી હોય એને બે 'મા'નો પ્રેમ મળે છે એક જનમદાત્રી 'મા' અને બીજી દીકરી 'મા' રહીને  બાપની જીવની જેમ સાચવતી 'મા'.

# હાર્દિક શ્રધ્ધાંજલિ



**સ્વ.મંજુલાબેન ચિનુભાઈ જે. શાહ** (ઉનાવા–હાલ:રાજકોટ)

સ્વ.તા.૨૪–૦૮–૨૦૨૩ શ્રાવમ સુદ આઠમ ગુરુવાર

"મા ! તું જ છે ભગવાન"

હાડ હાડમાં હેત ભર્યું, જેને વેણે વેણ વરદાન, તેમ, ઘરેઘર એ જ બિરાજે ભૂતળમાં ભગવાન. -: *મકરંદ દવે*

સંસારના સર્વ સગપણમાં જનેતા સર્વોપરિ છે. એક સંસ્કારી માતાને એક હજાર શિક્ષક બરાબર ગણાવી છે. नास्ति मातृ समो गुरु । મા તો સ્વયં તીર્થધામ છે. મમતાની મૂર્તિ એવી અમારી માતા મંજુલાબેને, તેમના માતા–પિતા, ફોઈ–ફુઆ, બેન–બનેવી પાસેથી ધર્મ, સદાચાર, ગૃહ સંચાલનના સંસ્કારોનો વારસો મેળવી. અમારા સૌનું જીવન–ઘડતર કર્યું, અમારા લાડકોડ પૂરા કર્યા અને અચાનક...

હસતાં લીધી વિદાય, રડતાં મેલ્યાં સૌને, લીલીવાડી સમો સંસાર ત્યજી, ગયા સ્વર્ગધામ. તમારાં મધુર સ્મરણો અંકિત છે અમારા હ્રદયમાં. સદેહે તમે નથી એ સચ્ચાઈ છે પણ હર પળે તમે રહેશો અમારા સ્મરણમાં.

(આપની હયાતી અમારી પ્રેરણા હતી, આપનું વાત્સલ્ય અમે કદી ભુલીશું નહિ)
અમારા પરિવારની ગૃહલક્ષ્મી કે જેના આગમનથી સમૃધ્ધિ અને
ખુશી છલકી એવા મંજુલાબેનને અમારા બૃહદ્ પરિવારની હ્રદયપૂર્વકની શ્રધ્ધાંજલિ.

પરમાત્મા આપના આત્માને ચિર:શાંતિ અર્પે એ જ પ્રાર્થના

**શ્રી ચિનુભાઈ જેશીંગલાલ શાહ પરિવાર** (ઉનાવા–હાલ:રાજકોટ)

**પુત્ર પરિવાર**
કૌશિક ચિનુભાઈ શાહ
શિલ્પા કૌશિક શાહ
ધરા સાગરકુમાર બારભાયા
અભિષેક કૌશિક શાહ
દષ્ટિ અભિષેક શાહ
ધનશ્રી અભિષેક શાહ

**પુત્ર પરિવાર**
સ્વ.ધર્મેન્દ્ર ચિનુભાઈ શાહ
ગીતા ધર્મેન્દ્ર શાહ
હાર્દિ ધર્મેન્દ્ર શાહ
પાર્થ ધર્મેન્દ્ર શાહ

**પુત્ર પરિવાર**
કલ્પેશ ચિનુભાઈ શાહ
સુકેશી કલ્પેશ શાહ
ચેશા કલ્પેશ શાહ
પ્રેક્ષા કલ્પેશ શાહ

પુત્રીઓ : મનીષાબેન સતીષકુમાર અને જીજ્ઞાપાબેન અતુલકુમાર શાહ (બન્ને અમદાવાદ)

**પિયર પક્ષ**
શ્રી રમેશભાઈ છગનલાલ શાહ (કમાણા-હાલઃ અમદાવાદ)

ફર્મ : શાહ બ્રધર્સ * શાહ અલોયઝ એન્ડ મીનરલ્સ. આજી, જી.આઈ.ડી.સી. રાજકોટ

R.N.I. Regd. No. : GujGuj/2003/11307 ● Postal Reg. No. : GAMC - 1401/2021-23 Publishing on 1st Date of every Month
Issued by SSP Ahmedabad Valid up to 31-12-2023 ● Posting at P.S.O. Ahmedabad on 1st date of every month
Licensed to Post Without Prepayment No.PMG/NG/102/2021-23 valid up to 31/12/2023



# તમારી લઘુતા, તમારી પ્રભુતાનું કારણ બને છે.

વિખ્યાતિ–કિર્તી માટે મનુષ્ય વલખાં મારતો હોય છે, કેટલાંક લોકોની તો વિચારધારા પણ એવી છે કે, અગર સારું કાર્ય કરીને જો આપણે વિખ્યાત ન થઈ શકતા હોઈએ તો ખોટું કરીને પણ વિખ્યાત થવું. સારી ઘોડેસવારી કરી વિખ્યાત ન થવાતું હોય તો ગધેડા પર બેસીને આખા ગામમાં ફરીને પણ વિખ્યાત થવું. આવી વિખ્યાતિની ઘેલછામાં કેટલાય લોકો ઊંધા રવાડે ચડી જાય છે.

એક વાર પ્રસિદ્ધિને પામેલ વ્યક્તિ માટે પ્રસિધ્ધ અને લોકપ્રિય જ રહે એવું બનતું નથી. પ્રસિદ્ધિના શિખરો સર કરતી વ્યક્તિએ પણ હરપળે સાવધાન રહેવું પડે છે.

ઉક્તાશયના ઉદ્‌ગાર જૈનાચાર્ય રાજયશસૂરીશ્વરજી મહારાજે વ્યક્ત કરતાં જણાવેલ કે, સફળ કે પ્રખ્યાત વ્યક્તિની જીંદગી પણ કાંઈ રેલ્વેના પાટા જેવી નથી કે, એકવાર પાટા પર ગાડી ચડ્યા પછી સીધી સીધી દોડ્યા કરે. જીંદગીનો પ્રવાહ તો નદી જેવો છે એમાં અનેક વળાંક પણ આવે.

એક ખૂબ સરળ છતાં કુનેહબાજ એવા એક વેપારીને એક વ્યક્તિએ કહ્યું, મારે તમને એક પ્રશ્ન પૂછવો છે. વેપારીએ કહ્યું જરૂર પૂછો, મારી ક્ષમતા હશે તો હું જરૂર યોગ્ય જવાબ આપીશ. તમને ઘણુ ખરું કરીને લગભગ દરેક ક્ષેત્રમાં સફળતા મળતી રહે છે તો તેનું કારણ શું? વેપારીએ કહ્યું માત્ર બે શબ્દો. કયા બે શબ્દો? સુયોગ્ય નિર્ણય.

વ્યક્તિએ આગળ પ્રશ્ન કર્યો. સુયોગ્ય નિર્ણયની શક્તિ–સમજ કેવી રીતે મળે? વેપારી કહે માત્ર એક



શબ્દથી કયો શબ્દ? અનુભવ, અનુભવ કેવી રીતે પ્રાપ્ત થાય? બે શબ્દથી. કયા બે શબ્દ... ખોટો નિર્ણય અનુભવ એ જીવનની મહાવિદ્યાલય છે. સ્વાનુભવથી માણસ જે શીખે છે તે કોઈ સ્કૂલ કે કોલેજમાંથી નથી શીખતો.

બે ભાઈઓ વચ્ચે આવતાં જતાં થોડી ઘણી ઓળખાણ થઈ. એક ભાઈ શ્રીમંત હતો. એની ફેક્ટરી હતી પણ ધંધો બહુ આગળ વધતો ન હતો. બીજો મધ્યમ વર્ગનો હતો. એને પણ પોતાની નોકરીમાં કુટુંબ નિર્વાહ સારી રીતે થાય એટલું મળતું ન હતું, પણ, બુધ્ધિમાન હતો. પૈસો પાસે ન હતો પણ પૈસો મળે તો ધંધો જમાવવાની શક્તિ હતી. શ્રીમંત ભાઈએ અને આ બુધ્ધિમાને મસલત કરી પાર્ટનરશીપમાં ધંધો કરવાનું વિચાર્યું શ્રીમંત કહે પૈસો મારો પણ મહેનત તારે કરવાની. પૈસો મારો છે એટલે ભાગીદારીમાં ભાગ મારો વધારે રહેશે. આચાર્યશ્રીએ જણાવેલ કે આપણે પ્રસિદ્ધિ માટેની વાત કરી રહ્યાં હતા. પ્રસિદ્ધિ અને પ્રશંસા આ બંન્નેને પચાવવી ખૂબ અઘરી છે. પ્રસિદ્ધિ મળે એટલે પ્રશંસા કરનારાનો જમાવડો પણ થવાનો જ. અને 'પ્રશંસા તો ખુદાને પણ પ્યારી છે' આવું કહેવાય છે તો પછી માણસની તો વાત જ ક્યાં રહી. માણસ જેમ જેમ પ્રસિદ્ધિ પામતો જાય અને સ્વપ્રશંસા સાંભળતો જાય તેમ તેને 'અહં'નો નશો ચડતો જાય છે. પ્રસિદ્ધિ પુણ્યથી મળે પણ ખરી પરંતુ તેમાં અહંથી સાવધાન ન રહીએ તો પતનની પૂર્ણ સંભાવના છે. રાવણને પોતાની શક્તિનું અભિમાન જાગ્યું. વિભીષણ અને એના જેવા, અનેકની સલાહને એણે ધૂતકારી કાઢી. આખરે જે કિસ્મતને મંજૂર હતું એ થયું. અહં ના કારણે રાવણ નામશેષ થઈ ગયો.

તમારી લઘુતા તમારી પ્રભુતાનું કારણ બનશે.

- રાજયશસૂરિશ્વરજી મ.સા. (જયહિન્દ દૈનિક)

પરિવાર પત્રિકા

કાર્યાલય : શ્રીમતી સરસ્વતીબેન રમણલાલ શાહ સાંસ્કૃતિક ભવન, શ્રી ચુનીલાલ અમુલખદાસ પાર્ટીપ્લોટ, ગોદાવરી દેરાસરની બાજુમાં, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન. નં. : (૦૭૯) ૨૬૬૦૨૩૭૫
સમય : ૧૦-૩૦ થી ૭-૩૦ (સોમવારે રજા)
E-mail : mehsana_jainprant@yahoo.com | Website : www.47dashashrimali.com

પ્રકાશન કાર્યાલય : શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ વતી સંપાદક-પ્રકાશક શ્રી પ્રમોદભાઈ એન. ગાંધીએ જગદિશ ઓફસેટ, ઘીકાંટા, અમદાવાદમાં છપાવીને શ્રીમતી સરસ્વતીબેન રમણલાલ શાહ સાંસ્કૃતિક ભવન, શ્રી ચુનીલાલ અમુલખદાસ પાર્ટી પ્લોટ, ગોદાવરી દેરાસરની બાજુમાં, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭થી પ્રસિધ્ધ કર્યું.